# શ્રી ટોકરશી વેલજી વાઘાણી સેનેટોરીયમ - સાડાઉ

(કિંમત રૂા. 2.00)

સંચાલક : શ્રી સાડાઉ મુંબઈ મહાજન

*પ્રવિણ જનરલ સ્ટોર્સ, 273-77, અનંતદીપ ચેમ્બર્સ, ભાત બજાર, મુંબઈ. સમય : બપોરનાં 2.00 થી 4.00*

## બ્લોક બુકીંગ માટે અરજી ફોર્મ

તા. - -201

શ્રી ______________________________ ગામ ____________

સરનામું ______________________________________________

______________________________________________

____________ ફોન નં. : (R) ____________ (M) ____________

તા.__________ થી તા.__________ સુધી બ્લોક નાનો ☐ મોટો ☐ જોઈએ છે.

તા.__________ થી તા.__________ સુધી __________ નંબરનો બ્લોક એલોટ થયેલ છે.

| બ્લોકના ભાડા | દૈનિક | 8 દિવસ | 15 દિવસ | 30 દિવસ | ડિપોઝીટ | સફાઈ ચાર્જ |
|---|---|---|---|---|---|---|
| નાના બ્લોક | રૂા.100 | રૂા.500 | રૂા.1000 | રૂા.1500 | રૂા.1500 | રૂા.100 |
| મોટા બ્લોક | રૂા.150 | રૂા.750 | રૂા.1500 | રૂા.2200 | રૂા.2200 | રૂા.150 |

**1.** જનરલ હૉલ માટેનું ભાડુ વ્યક્તિદીઠ 1 દિવસના **રૂા.** 50

**2.** જનરલ હૉલમાં વધારેમાં વધારે 15 દિવસ સુધી જ રહેવા દેવામાં આવશે.

### સુચનાઓ :

1. વીજળી વપરાશનો ચાર્જ મીટર રીડીંગ પ્રમાણે યુનિટ દીઠ રૂા. **7.00** અને ગ્યાસનો ચાર્જ કિલો પ્રમાણે રૂા. **100.00** નક્કી થયેલ ભાવથી આપવાનો રહેશે.
2. સેનેટોરીયમમાં રહેવા આવનાર પોતાના હિસાબે અને પોતાના જોખમે રહેશે. તેમની કોઈ ચીજવસ્તુઓ ખોવાઈ જાય, ચોરાઈ જાય કે કોઈપણ પ્રકારે નુકશાન કે ઈજા થાય તો તેની જવાબદારી સંસ્થાની કે કાર્યવાહક તેમજ મેનેજરની રહેશે નહીં.
3. **બ્લોક ખાલી કરતી વખતે ઓછાડ અને ખોલ તથા વાપરેલ વાસણો ધોઈને આપવાના રહેશે.**
4. બ્લોક ખાલી કરતા મેનેજરને બે કલાક પહેલા કબજો આપવો.
5. બ્લોકમાં રહેનાર વ્યક્તિ તે બ્લોક બંધ કરી જાય પણ ઈમરજન્સીમાં બ્લોક ખોલવો પડે તો તે મેનેજર કે અધિકારી બ્લોક ખોલી શકશે.
6. રૂમની બહાર ચોગાનમાં કે કમ્પાઉન્ડમાં ખુરશીઓ રાખવાની મનાઈ છે તેમજ સેટીઓ ચાલીમાં રાખવાની મનાઈ છે.
7. સેનેટોરીયમના 12 બ્લોક પહેલા ગામવાસીઓને માટે આપવામાં આવશે પણ જો ખાલી હોય તો અન્ય ગામના જૈન ભાઈઓને વપરાશ માટે આપવામાં આવશે. બ્લોકની સંખ્યાથી એક જ સમય માટે વધુ અરજીઓ આવી હશે તો ડ્રો પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે.
8. ચાર્તુમાસ, શેષકાળ અને દિવાળી વખતે બ્લોક એક માસ પુરતો મળી શકશે જો બીજા મહિના માટે અરજી કરશે અને ખાલી હશે તો જ મુદત વધારી આપવામાં આવશે.
9. વપરાશ માટે અરજી મંજુર અને નામંજુર કરવાની સત્તા અધિકારીઓની રહેશે અને અરજી નામંજુર કરવાના કારણો આપવા અધિકારીઓ બંધાયેલ રહેશે નહીં.
10. જે તારીખથી બ્લોક વપરાશ માટે મળે તે તારીખથી 5 દિવસની અંદર કબજો લઈને રહેવા આવવું જરૂરી છે અન્યથા એ બ્લોકનો લાભ બીજાને આપવા અધિકારીઓ મુક્ત રહેશે. કબજો લેવામાં નિષ્ફળ જનારને ડિપોઝીટ પાછી મળશે નહીં પણ સંજોગોવસાત લેખિત જાણ કરવાથી કબજો 7 દિવસ ટોટલ લંબાવી શકાશે.



(પાછળ જુઓ)

11. મુદત પુરી થયાના દિવસે જ બ્લોક ફરજીયાત ખાલી કરવાનો રહેશે.
12. જે વ્યક્તિને બ્લોક રાખવામાં આવેલ છે અને તે વ્યક્તિ સંજોગવસાત ન જઈ શકે અને 15 દિવસ અગાઉ લેખિત જાણ કરે તો ડિપોઝીટની અડધી રકમ પાછી આપવામાં આવશે.
13. બ્લોક રહેવા આવનારને રાચરચીલું આપેલા લીસ્ટમાં જણાવેલ વસ્તુઓ પ્રમાણે મળશે. તે જોઈ તપાસી લેવી અને તેની પહોંચ આપવી વધારાની વસ્તુઓ લીસ્ટમાં હશે તે ઓફિસમાંથી લેવી. દરેક વસ્તુઓ એ જ હાલતમાં પાછી આપવાની રહેશે કોઈપણ ઓછી હશે અથવા નુકશાન પામી હશે તો તેના વળતર તરીકે નક્કી કર્યા મુજબ રકમ આપવી પડશે.
14. સેનેટોરીયમમાં રહેવા આવનાર કામ ચલાઉ ધોરણે છે રહેનારને મજકુર જગ્યામાં ભાડુત તરીકે અથવા બીજા કોઈપણ હક્ક આપવામાં આવતાં નથી જગ્યાની માલિકી શ્રી સાડાઉ મુંબઈ મહાજનની રહેશે.
15. સેનેટોરીયમમાં સમાજ વિરોધી, રાષ્ટ્ર વિરોધી, ધર્મ વિરોધી પ્રવૃત્તિઓ તેમજ ધંધાકીય, અન્ય અમાન્ય પ્રતિબંધિત ગેરકાનુની પ્રવૃત્તિઓ તેમજ કેફી પીણાં, જુગાર જેવી ગેર સામાજીક પ્રવૃત્તિઓ કરવા દેવામાં આવશે નહીં અમને ખબર પડે તો તુરંત જ તે બ્લોક ખાલી કરાવવામાં આવશે.તેમજ તે બ્લોક અરજદાર બીજા કોઈ વ્યક્તિને મુદત દરમ્યાન તેમજ મુદત પુરી થયે આપી શકશે નહીં. કબજો સોંપવામાં રૂકાવટ કરતાં અરજદારના બ્લોકનું તાળું તોડીને પણ સંચાલકો કબજો લઈ શકશે તે સંજોગોમાં અરજદારની વસ્તુઓની જવાબદારી સંસ્થાની રહેશે નહીં તેની નોંધ લેવી.
16. સેનેટોરીયમમાં રહેવા આવનારા અન્ય વ્યક્તિઓને કોઈપણ પ્રકારે ખલેલ થાય એવું વર્તન કરવું નહીં. બપોરના **1.00** થી **3.00** અને રાતના **10.30** વાગ્યા પછી સંપુર્ણ શાંતિ જાળવવી. રમત ગમત, રેડિયો કે અન્ય કોઈપણ રીતે ઘોંઘાટ કરવો નહીં.
17. સેનેટોરીયમમાં કામ કરનાર સ્ટાફના માણસો સાથે વાદ-વિવાદ કરવો નહીં. કોઈ જાતની ફરિયાદ હોય તો લેખીત લખીને સ્થાનિક જવાબદાર વ્યકિતને અથવા મુંબઈ કાર્યાલયમાં ફરિયાદ કરવી.
18. રહેવા આવનારે બીનશાકાહારી વસ્તુઓ, જવલનશીલ વસ્તુઓ કે પશુ પંખી સાથે લાવવા નહીં. તથા **કંદમૂળનો વપરાશ કરવા દેવામાં આવશે નહીં.**
19. સેનેટોરીયમમાં ચેપી રોગવાળા અથવા દિવાના શખ્સને રહેવા દેવામાં આવશે નહીં.
20. સેનેટોરીયમમાં જમણવાર કરવા દેવામાં આવશે નહીં તેમજ મોટો ગેસ ચુલો કે બીજી વસ્તુઓનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.
21. સેનેટોરીયમમાં ભજન, દાંડીયારાસ ગરબા વગેરે કરવા દેવામાં આવશે નહીં.
22. જમીન પર કંતાન બિછાવ્યા સિવાય ગાદલા પાથરવા નહીં તેમજ ખોલ-ઓછાડ વગર તકીયા ગાદલાનો ઉપયોગ કરવો નહીં.
23. નાના બાળકોને ગાદલા ઉપર રબર પાથરીને સુવડાવવા જેથી ગાદલા ખરાબ ન થાય.
24. મકાન, બાથરૂમ, સંડાસ કે કંપાઉન્ડની જગ્યામાં ગંદકી કરવી નહીં. કચરો કે એઠવાડ ફેંકવો નહીં તેમજ પાણી કંપાઉન્ડમાં ફેંકવો નહીં.
25. રહેવા આવનારે બ્લોકમાં ખીલા ખોડીને કે અન્ય પ્રકારે નુકશાન કરવું નહીં. નુકશાન થવાથી તે નુકશાની સંચાલકો વસુલ કરશે.
26. સંસ્થાના ટ્રસ્ટીઓ, અધિકારીઓ કે ઓફિસ મેનેજરને કોઈપણ વખતે તપાસ કે અન્ય કારણસર બ્લોકમાં દાખલ થવાનો હક્ક રહેશે. રહેનાર એ બાબતે રૂકાવટ કરી શકશે નહીં.
27. મજકુર જગ્યાનો કાયદેસરનો કબજો શ્રી સાડાઉ મુંબઈ મહાજનની સંસ્થાનો રહેશે.
28. સેનેટોરીયમમાં ચબુતરો છે તેમાં જ જુવાર નાખવી. કમ્પાઉન્ડમાં કે ચોગાનમાં ક્યાંય પણ ફેંકવી કે નાખવી નહીં.
29. સેનેટોરીયમના જે બ્લોકની કોઈપણ વસ્તુઓ અને વાસણો છે તે સેનેટોરીયમથી બહાર ન લઈ જવી અને બીજા કોઈને આપવા નહીં.
30. ઉપરના નિયમોનો ભંગ કરનારને બીજી વખત સેનેટોરીયમનો ઉપયોગ કરવા આપવામાં આવશે નહીં.
31. **બ્લોકના વપરાશની અરજી જે તારીખથી અને જ્યાં સુધીની કરી હશે તેટલા દિવસનું ભાડુ ચુકવવું પડશે.**

**ઉપરોક્ત સેનેટોરીયમના નિયમો મેં વાંચ્યા છે જે મને માન્ય અને બંધનકર્તા છે.**

**સહી :** ______________________